# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 14-03-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પીએમ  સ્વનિધિના લાભાર્થીઓને સંબોધિત કરશે.
- ✓ ભારતે અમદાવાદમાં શહેરી વસવાટ અને ગતિશીલતામાં સુધારો કરવા માટે ગઇકાલે  એશિયન ડેવલપમેન્ટ બેંક-ADB સાથે 18 અબજ 10 કરોડ ડોલરની લોન પર હસ્તાક્ષર કર્યા છે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઉત્તરાખંડ વિધાનસભા દ્વારા પસાર કરાયેલ સમાન નાગરિક ધારો - યુસીસીને મંજૂરી આપી દીધી છે.
- ✓ આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપ દ્વારા ગુજરાતના સાત સહિત કુલ 72 ઉમેદવારોની યાદી જાહેર કરી છે.
- ✓ સંરક્ષણ મંત્રાલયે 34 એડવાન્સ લાઇટ હેલિકોપ્ટરની ખરીદી માટે હિન્દુસ્તાન  એરોનોટિક્સ લિમિટેડ સાથે આઠ હજાર 73 કરોડના બે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- ✓ કિડની રોગના વધતા જોખમો અંગે જાગૃતિ લાવવા આજે વિશ્વ કિડની દિવસની થઈ રહી છે ઉજવણી
- ✓ મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં દિલ્હી કેપિટલ્સે ગુજરાત જાયન્ટ્સને સાત  વિકેટે પરાજય આપ્યો છે.

## *PM – DELHI*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે પીએમ  સ્વનિધિના લાભાર્થીઓને સંબોધિત કરશે.**

કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદી દિલ્હીના પાંચ હજાર ફેરિયાઓ સહિત એક લાખ ફેરિયાઓને સ્કીમ હેઠળ લોનનું વિતરણ કરશે. શ્રી મોદી દિલ્હી મેટ્રોના ચોથા તબક્કાના બે વધારાના કોરિડોરનો શિલાન્યાસ પણ કરશે. જે લાજપત નગરથી સાકેત-જી બ્લોક કોરિડોર અને ઈન્દ્રલોકથી ઈન્દ્રપ્રસ્થ કોરિડોર હશે, જેની કુલ લંબાઈ 20 કિલોમીટરથી વધુ હશે. સૂચિત કોરિડોર કનેક્ટિવિટીમાં સુધારો કરશે અને ટ્રાફિકને સરળ બનાવશે. લાજપત નગરથી સાકેત જી-બ્લોક કોરિડોર પરના સ્ટેશનોમાં લાજપત નગર, એન્ડ્રુઝ ગંજ, ગ્રેટર કૈલાશ - 1, ચિરાગ દિલ્હી, પુષ્પા ભવન, સાકેત જિલ્લા કેન્દ્ર, પુષ્પ વિહાર અને સાકેત જી - બ્લોકનો સમાવેશ થશે. ઈન્દ્રલોક-ઈન્દ્રપ્રસ્થ કોરિડોર પરના સ્ટેશનોમાં ઈન્દ્રલોક, દયા બસ્તી, સરાઈ રોહિલ્લા, અજમલ ખાન પાર્ક, નબી કરીમ, નવી દિલ્હી, એલએનજેપી હોસ્પિટલ, દિલ્હી ગેટ, દિલ્હી સચિવાલય અને ઈન્દ્રપ્રસ્થનો સમાવેશ થશે

..................

## *ASIAN DEV. BANK LOAN*

ભારતે અમદાવાદમાં શહેરી વસવાટ અને ગતિશીલતામાં સુધારો કરવા માટે ગઇકાલે એશિયન ડેવલપમેન્ટ બેંક-ADB સાથે 18 અબજ 10 કરોડ ડોલરની લોન પર હસ્તાક્ષર કર્યા છે.

આ લોન ગ્રામીણથી શહેરી એટલે કે ઉપ-શહેરી વિસ્તારોના વિકાસ માટે નાણાં પૂરાં પાડશે. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે અમદાવાદ પેરા-અર્બન લાઇવએબિલિટી ઇમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ હેઠળ 166 કિલોમીટર પાણી વિતરણ નેટવર્ક, 126 કિલોમીટર આબોહવા-મૈત્રીપૂર્ણ સ્ટોર્મ વોટર ડ્રેઇન્સ, 300 કિલોમીટર ગટર વ્યવસ્થા અને ચાર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અમદાવાદના ઉપ-શહેરી વિસ્તારોની કનેક્ટિવિટી સુધારવા માટે હાલના સરદાર પટેલ રિંગ રોડ સાથે 10 જંકશન સુધારણાને પણ સમર્થન આપશે. પેરા-અર્બન પ્રોજેક્ટ જાહેર-ખાનગી ભાગીદારી દ્વારા ઔદ્યોગિક ઉપયોગ માટે ટ્રીટેડ ગટરના રિસાયક્લિંગના વિકાસને ટેકો આપશે.

મંત્રાલયે કહ્યું કે આનાથી શહેરી ગરીબો, મહિલાઓ અને સ્થળાંતર કામદારોને વધુ સારી શહેરી સેવાઓ અને શહેરી વહીવટી દ્વારા ફાયદો થશે.

.................

## PRESIDENT UCC

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઉત્તરાખંડ વિધાનસભા દ્વારા પસાર કરાયેલ સમાન નાગરિક ધારો યુનિફોર્મ સિવિલ કોડ બિલ - યુસીસીને મંજૂરી આપી દીધી છે.

આ વિધેયકના અમલીકરણ સાથે, ઉત્તરાખંડ આઝાદી પછી UCC લાગુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બનશે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ રાષ્ટ્રપતિ પાસેથી UCC વિધેયકને મંજૂરી મળવા પર ખુશી વ્યક્ત કરી અને કહ્યું કે આ રાજ્યના લોકો માટે ગર્વની ક્ષણ છે. તેમણે કહ્યું કે રાજ્યમાં સમાન નાગરિક સંહિતાનો કાયદો લાગુ થવાથી તમામ નાગરિકોને સમાન અધિકાર મળશે અને મહિલાઓ પર થતા અત્યાચારને પણ અંકુશમાં લેશે. તેમણે કહ્યું કે યુસીસી રાજ્યમાં સામાજિક સમાનતાના મહત્વને સાબિત કરીને સંવાદિતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

નોંધનીય છે કે આ વર્ષે 7 ફેબ્રુઆરીએ  ગૃહમાં લગભગ 10 કલાકની ચર્ચા બાદ ઉત્તરાખંડ વિધાનસભાએ સમાન નાગરિક સંહિતા બિલ પસાર કર્યું હતું. UCC કાયદાના અમલ સાથે, રાજ્યમાં દરેકને ભરણપોષણ, દત્તક, વારસો, છૂટાછેડા વગેરે જેવી બાબતોમાં કોઈપણ ભેદભાવ વિના સમાન અધિકારો મળશે.

.................

## BJP CANDIDATES

આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપ દ્વારા ગુજરાતના સાત સહિત કુલ 72 ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

રાજયમાંથી વડોદરાથી રંજનબેન ભટ્ટને ફરીથી પસંદ કરાયા છે તો અમદાવાદ પૂર્વથી હસમુખ પટેલની પણ ફરીથી પસંદગી કરાઇ છે. છોટા

ઉદેપુરથી જશુભાઈ રાઠવા, વલસાડથી ધવલ પટેલ, સુરતથી મુકેશ દલાલ, સાબરકાંઠાથી ભીખાજી ઠાકોર અને ભાવનગરથી નિમુબેન બંભાણિયાને ભાજપ ઉમેદવાર તરીકે પસંદ કરાયા છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર કલાબેન ડેલકરની પસંદગી કરાઇ છે.

ઉલ્લેખનીય છે કે, બે દિવસ અગાઉ કોંગ્રેસ દ્વારા આગામી લોકસભા ચૂંટણી પહેલા બહાર પડાયેલી બીજી ઉમેદવારોની યાદીમાં ગુજરાતના સાત સભ્યોની પસંદગી થઇ છે. જેમાં કચ્છથી નીતેશ લાલન, બનાસકાંઠાથી ગેનીબેન ઠાકોર, અમદાવાદ પૂર્વથી રોહન ગુપ્તા, અમદાવાદ પશ્ચિમથી ભરત મકવાણા, પોરબંદરથી લલિતભાઈ વસોયા, બારડોલીથી સિદ્ધાર્થભાઈ ચૌધરી, વલસાડથી અનંત પટેલની પસંદગી કરાઇ છે.

કેન્દ્રીય મંત્રી અનુરાગસિંહ ઠાકુર હિમાચલ પ્રદેશના હમીરપુરથી, નીતીન ગડકરી નાગપુર, પિયૂષ ગોયેલ ઉત્તર મુંબઈ, પ્રહલાદ જોષી ધારવાડ, ડો.ભારતી પ્રવીણ પવાર મહારાષ્ટ્રના ડીડોળીથી અને હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર કરનાલથી ઉમેદવાર તરીકે પસંદ કરાયા છે.

.................

## *INDIA-ITALY MCG MEET*

ભારત-ઈટલી સેના સહયોગ ગ્રુપ-MCGની 12મી બેઠક ગઈકાલે નવી દિલ્હીમાં સંપન્ન થઈ.

બે દિવસીય બેઠક દરમિયાન બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ અને સેના-થી- સેના સ્તરના આદાનપ્રદાનને વધારવા માટેની નવી પહેલો પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક આંતરરાષ્ટ્રીય સંરક્ષણ સહકાર નિદેશાલય મુખ્યાલય એકીકૃત સંરક્ષણ સ્ટાફ અને ઇટાલીના સરંક્ષણ જનરલ સ્ટાફના સેના નીતિ અને યોજના વિભાગ વચ્ચે યોજાઇ હતી.

ઇટાલી અને ભારતે તાજેતરમાં માર્ચ 2023 માં ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીની ભારત મુલાકાત દરમિયાન તેમના દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે વધાર્યા હતા. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની

ઓક્ટોબર 2023માં ઈટાલીની મુલાકાત દરમિયાન સંરક્ષણ સહયોગ પરના સમજૂતી કરારનું પણ નવીકરણ કરવામાં આવ્યું હતું.

.................

## DEFENCE-HAL DEAL

સંરક્ષણ મંત્રાલયે 34 એડવાન્સ લાઇટ હેલિકોપ્ટરની ખરીદી માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સાથે આઠ હજાર 73 કરોડના બે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતીય સેના માટે 25 સ્વદેશી ડિઝાઇન, વિકસિત અને ઉત્પાદિત અદ્યતન લાઇટ હેલિકોપ્ટર અને ભારતીય કોસ્ટ ગાર્ડ માટે નવ અદ્યતન લાઇટ હેલિકોપ્ટર ખરીદવા માટે આ સોદા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

મંત્રાલયે જણાવ્યું હતું કે મેરીટાઈમ રોલ હેલિકોપ્ટર દરિયાઈ દેખરેખ, શોધ અને બચાવ અને કાર્ગોતથા કર્મચારીઓના પરિવહન જેવા કાર્યો માટે તૈયાર કરવામાં આવ્યા છે. મંત્રાલયે એમ પણ કહ્યું કે આ પ્રોજેક્ટથી સંરક્ષણ ક્ષેત્રમાં રોજગાર સર્જન પર સકારાત્મક અસર પડશે.

.................

## GAZA-KILLE

પેલેસ્ટિનિયન શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રની એજન્સીએ કહ્યું છે કે યુદ્ધગ્રસ્ત ગાઝામાં ખાદ્ય વિતરણ કેન્દ્ર પર ઇઝરાયેલના હુમલામાં તેના એક કર્મચારીનું મૃત્યુ થયું છે અને 22 ઇજાગ્રસ્ત થયા છે.

ઈઝરાયેલી સેનાએ હજુ સુધી આ ઘટના અંગે કોઈ ટિપ્પણી કરી નથી. રાફામાં અંદાજે દશ લાખ 40 હજાર પેલેસ્ટિનિયનો વસે છે જેઓ ગાઝામાં અન્યત્ર ઇઝરાયેલના ગ્રાઉન્ડ હુમલાઓથી આશ્રય શોધી રહ્યા છે.

.................

## WORLD KIDNEY DAY

આજે વિશ્વ કિડની દિવસ છે. દર વર્ષે માર્ચ માસના બીજા ગુરુવારે લોકોમાં કિડનીના સ્વાસ્થ્ય અને તેના સામાન્ય કાર્યને અસર કરતા વિવિધ રોગો વિશે જાગૃતિ લાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.

આ વર્ષનો વિષય બધા માટે કિડની આરોગ્ય છે, જે ક્રોનિક કિડની રોગના વધતા જોખમો અને વિવિધ સ્તરે આ પડકારોને પહોંચી વળવા માટે કિડનીની યોગ્ય કાળજી લેવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કિડની એ શરીરના સૌથી મહત્વપૂર્ણ અંગોમાંથી એક છે અને તે ઝેરી તત્વોને દૂર કરીને શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. એઈમ્સ નવી દિલ્હીના નેફ્રોલોજી વિભાગના વડા ડો. દીપાંકર ભૌમિકે આકાશવાણી સાથે વાત કરતાં જણાવ્યું હતું કે કિડનીની વિકૃતિના કેટલાક લક્ષણોમાં પગમાં સોજો, હાઈ બ્લડ પ્રેશર, ઓછું હિમોગ્લોબિન અને નબળા હાડકાંનો સમાવેશ થાય છે. તેમણે લોકોને કિડનીની બીમારીની વહેલી તપાસ માટે નિયમિત આરોગ્ય તપાસ કરાવવાનું સૂચન કર્યું હતું. તેમણે કિડનીના વિકારોથી બચવા નિયમિત શારીરિક વ્યાયામ, સંતુલિત આહાર, વજન નિયંત્રણમાં રાખવા અને મીઠાનું સેવન મર્યાદિત કરવાની સલાહ પણ આપી હતી.

.................

## *WPL*

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં દિલ્હી કેપિટલ્સે ગુજરાત જાયન્ટ્સને સાત વિકેટે પરાજય આપ્યો છે. નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ગઈકાલે રાત્રે ગુજરાત જાયન્ટ્સે નિર્ધારિત વીસ ઓવરમાં નવ વિકેટે 126 રન બનાવ્યા હતા. દિલ્હી કેપિટલ્સે 13 ઓવરમાં ત્રણ વિકેટના નુકસાને 129 રન બનાવીને મેચ જીતી લીધી હતી.

ટોચ પર રહેવાને કારણે દિલ્હી કેપિટલ્સ સીધી ફાઈનલમાં પહોંચી ગઈ છે. આવતીકાલે વર્તમાન ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર પ્લે-ઓફમાં સામસામે ટકરાશે. આ મેચની વિજેતા ટીમ રવિવારે ફાઇનલમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે

.................